પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૫૭ | ૭ મે, ૨૦૧૮, સોમવાર ; વૈશાખ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**અફઘાનમાં ભારતીય ઈજનેરોનુ અપહરણ**

અફઘાનિસ્તાનના બગલાન પ્રાંતમાં અજ્ઞાત સશસ્ત્ર લોકોએ ૭ ભારતીય ઈજનેરો અને એક અફઘાન કર્મચારીનુ અપહરણ કર્યુ છે. આ અપહરણ કાંડની જવાબદારી હજુ કોઈએ લીધી નથી.

**પીએફના વ્યાજદરો ઓછા થયા**

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે પીએફ પર ૮.૫૫ ટકા વ્યાજ મળશે. જે પાછલા પાંચ વર્ષમાં સૌથી ઓછા છે.

**પં. બંગાળની પંચાયત ચૂંટણીમાં મુસ્લિમ કાર્ડ**

પશ્ચિમ બંગાળમાં ટૂંક સમયમાં પંચાયતોની ચૂંટણી થવાની છે. ભારતીય જનતા પાર્ટીએ અહી ૮૫૦ જેટલા મુસ્લિોને ઉમેદવાર બનાવી મુસ્લિમ મતદારોને રાજી કરવાનો પ્રયત્ન કર્યો છે.

**બલૂચિસ્તાનમાં કોલસાની બે ખાણોમાં બ્લાસ્ટ : ૧૮ના મોત**

બલૂચિસ્તાનમાં કોલસાની બે ખાણોમાં બ્લાસ્ટ, ૧૮ના મોત, અનેક ઘાયલ પાકિસ્તાનના બલૂચિસ્તાનના બે અલગ અલગ વિસ્તારમાં કોલસાની બે ખાણો ધસી પડી હતી. જેમાં ૧૮ લોકોના મોત થયા છે.

**અંકારામાં ઘોડાપૂર**

તૂર્કીની રાજધાની અંકારામાં આવેલા વરસાદી ઘોડાપૂરમાં સંખ્યાબંધ વાહનો તણાયા છે. અંકારામાં પડેલા વરસાદ બાદ દરિયામાં વિનાશકારી તોફાન આવ્યું હતું. જેથી વરસાદી પાણી શહેરમાં ઘુસી ગયા હતા.

# શોપીયામાં ૫ કુખ્યાત આતંકી ઠાર

## સુરક્ષા દળોને મોટી સફળતા : ઠાર કરાયેલાઓમાં હિઝબુલ કમાન્ડર સદ્દામનો પણ સમાવેશ : હિઝબુલના કમાન્ડર સદ્દામને ઠાર કરાતા બુરહાન વાની બ્રિગેડનો સંપૂર્ણપણે સફાયો થયો : ઓપરેશન ઓલઆઉટ હેઠળ ત્રાસવાદીઓની સામે કાર્યવાહી





શ્રીનગર,તા. ૬

જમ્મુ કાશ્મીરના સોપિયન જિલ્લાના બડગામમાં સેના અને સુરક્ષા દળોને આજે હજુ સુધીની સૌથી મોટી સફળતા હાથ લાગી હતી. સુપર સેન્ડેના ભાગરુપે સુરક્ષા દળોએ ઓપરેશન ઓલઆઉટના ભાગરુપે આજે પાંચ કુખ્યાત આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આજે ઠાર કરવામાં આવેલા આતંકવાદીઓમાં હિઝબુલ મુઝાહિદ્દીનના અનેક ટોચના કમાન્ડરો પણ સામેલ હતા. આજના આ ઓપરેશનની સાથે જ બુરહાનવાનીની સમગ્ર ગેંગનો હવે સફાયો થઈ ચુક્યો છે. બુરહાન વાનીને ઠાર કરવામાં આવ્યા બાદ તેના કુખ્યાત ત્રાસવાદીઓ સક્રિય થયેલા હતા પરંતુ આજે મોટુ ઓપરેશન પાર પાડીને કુખ્યાત ત્રાસવાદીઓનો સફાયો કરી દેવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ત્રિપુરામાં બીએસએફ જવાને ૩ સાથીઓની ક્રૂર હત્યા કરી

### ઉનાકોટી જિલ્લાના મદુરુલી ચોકી પર બનાવ

અગરતલા,તા. ૬

ત્રિપુરાના ઉન્નાકોટી જિલ્લાના મગુરુલી સરહદી ચોકી ઉપર ફરજ બજાવતા સરહદ સુરક્ષા દળ (બીએસએફ)ના એક જવાને ત્રણ સાથીઓની ઘાતકી હત્યા કર્યા બાદ પોતે પણ આત્મહત્યા કરી લેતા સનસનાટી મચી ગઈ છે. અગરતલાથી પ્રાપ્ત અહેવાલ મુજબ સરહદ સુરક્ષા દળના એક જવાને હેડકોન્સ્ટેબલ સહિત ત્રણ અન્ય જવાનો ઉપર અંધાધૂંધ ગોળીબાર કરી દીધો હતો. ત્રણ જવાનોની હત્યા કરી દીધા બાદ આ જવાને પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ આજે વહેલી પરોઢે એક વાગે બન્યા બાદ આ મામલામાં તપાસ ચાલી રહી છે. પોલીસ અધિકારી શંકર દેવનાથે માહિતી આપતા કહ્યું છે કે, હેડકોન્સ્ટેબલની ગોળીબારની ઘટનામાં ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે ગંભીરરીતે ઘાયલ થયેલા એક જવાનનું મોત ઉનાકોટીની જિલ્લા હોસ્પિટલમાં થયું હતું.

ત્રીજા જવાનનું મોત અગરતલાની એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન થયું હતું. અધિકારીઓએ કહ્યું હતું કે, આ સમગ્ર મામલાની ઉંડી તપાસ ચાલી રહી છે. વિસ્તૃત માહિતી હજુ સુધી મળી શકી નથી. સરહદી સુરક્ષા દળના એક ઉચ્ચ અધિકારીએ પણ આ બનાવને લઈને અહેવાલને સમર્થન આપ્યું છે. બીજી બાજુ આ ઘટનાના સંદર્ભમાં હત્યા કરનાર જવાન અને હુમલામાં શિકાર રહેલા જવાનોના સંદર્ભમાં માહિતી મળી શકી નથી. હેડકોન્સ્ટેબલ અને અન્યોને કયા કારણસર સાથી જવાને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા તે અંગે પણ હજુ સુધી કારણ જાણવા મળ્યું નથી. આ બનાવથી ત્રિપુરામાં બીએસએફની છાવણીમાં સોપો પડી ગયો છે. બીએસએફના જવાનો અને અન્ય સુરક્ષા જવાનોમાં આ પ્રકારની મોતની ઘટનાઓ પણ હાલમાં સપાટી ઉપર આવી છે. આના માટે માનસિક હતાશા અને અન્ય કારણો પણ ખુલ્યા છે.

# 'વેલફેર' નહિ કરનારને 'ફેરવેલ' આપો : મોદી



બેંગલુરુ,તા.૬

કર્ણાટકના ચિત્રદુર્ગ ચૂટંણી રેલીને સંબોધિત કરવા માટે પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યુ હતુ. મોદીએ જણાવ્યુ કે, ''કોંગ્રેસ પાર્ટીએ સ્થાનિક વીરો અને વીરાંગનાઓનું સન્માન કરવાની જગ્યાએ સુલ્તાનોનું સન્માન કર્યુ છે.''ર મોદીએ કોંગ્રેસ પાર્ટી પર દલિતો અને બાબા સાહેબ આંબેડકરનું અપમાન કરવાના આરોપ લગાવ્યા. પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, ''જે પાર્ટી ગરીબોનું વેલફેર ન કરી શકે, અહીંયા લોકોએ તેને ફેરવેલ આપી દેવી જોઈએ.'' આ ઉપરાંત મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું હતું કે, ' ન દિલવાળી, ન દલિતવાળી, આ ડીલવાળી કોંગ્રેસ પાર્ટી છે'

તેમણે કહ્યુ કે, ''હું દલિત માની કોખમાંથી પેદા થયેલી તે વીરાંગના વીરા મરકડીને નમન કરું છું, જેણે દુશ્મનોને જડબાતોડ જવાબ આપ્યો હતો. સાહસ અને શૌર્ય શું છે, આપણે તે દલિત વીરાંગનાઓ પાસેથી શીખી શકીએ છીએ.'' તેમણે કહ્યુ કે, તે એક એવી પાર્ટી છે, જે વોટ બેંકની રાજનીતિનો ઈતિહાસ અને ભાવનાઓને કચડીને આગળ

● અનુસંધાન પાન-૭ પર

# મણિશંકરે ઝીણાની પ્રશંસા કરતા કોંગ્રેસની મુશ્કેલીમાં વધારો

### અય્યરે ઝીણાને કાયદેઆઝમ તરીકે ગણાવ્યા

નવીદિલ્હી,તા. ૬

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે કોંગ્રેસ માટે ફરી એકવાર મોટી સમસ્યા ઉભી કરી દીધી છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે મણિશંકર અય્યરે તેમનો પાકિસ્તાન પ્રત્યે પ્રેમ દર્શાવીને કોંગ્રેસની ચિંતા વધારી દીધી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી વેળા પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી. તે વખતે કોંગ્રેસ પાર્ટીએ ભારે મુશ્કેલી અનુભવી હતી. આ વખતે પણ મણિશંકર અય્યરે ઝીણાની પ્રશંસા કરીને ભાજપને હથિયારો આપી દીધા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં હવે મુશ્કેલી પડી શકે છે. અત્રે નોંધનીય છે કે, મણિશંકર અય્યરે

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં હવામાનનો મિજાજ બદલાતા અનેક રાજ્યોમાં તોફાનની આગાહી

ન્યુ દિલ્હી,તા.૬

હવામાન વિભાગે આજે દિલ્હી-એનસીઆરમાં સુસવાટા મારતા પવનોની સાથે વરસાદ પડવાની આગાહી આપી છે અને સાથો સાથ એલર્ટ પણ જારી કર્યું છે. આ સાથે જ અડધા ભારત પર આવનાર ત્રણ દિવસમાં વાવાઝોડાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. તેવી રીતે ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સ અને પશ્ચિમ બંગાળમાં પણ આંધી ફૂંકાવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગે આજે રવિવારે સવારે જણાવ્યું હતું કે, દિલ્હી, મેરઠ, હાપુડ, મુઝફ્ફરનગર અને બિજનૌરમાં આગામી બે કલાકમાં વંટોળિયા સાથે વરસાદ પડવાની શકયતા છે. તેવી જ રીતે પંજાબમાં અનેક ઠેકાણે આગામી ૪૮ થી ૭૨ કલાકમાં વરસાદ થવાની શક્યતા છે. આવનાર એકાદ તેવી જ રીતે દિલ્હી અને તેની આસપાસ ફરીદાબાદ, ખુર્જા, ગ્રેટર નોઈડા અને બુલંદશહેરમાં ભારે પવન સાથે વરસાદનું પૂર્વાનુમાન છે. તાજેતરમાં જ રેતીલા વાવાઝોડાએ ઉત્તર ભારતના અનેક રાજ્યોને ધમરોળ્યાં હતાં. જેમાં કુલ ૧૦૦થી વધુ લોકોના મોત નિપજ્યાં હતાં. અનેક ઘવાયા હતાં અને જામનાલને પણ ભારે નુંકશાન પહોંચ્યું હતું. ત્યાર બાદથી લઈને હવામાન વિભાગ અને ગૃહમંત્રાલય સતર્ક બન્યાં છે. વિભાગો તરફથી સાવચેતીના પગલા ભરવામાં આવ્યાં છે. એલર્ટ આપી દેવામાં આવ્યાં છે જેથી કરીને જાન-માલની હાની અટકાવી શકાય.

# આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રીદુષ્કર્મ પીડિતાના માતા-પિતા બનશે

ગુંટુર,તા.૬

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન ચંન્દ્રબાબુ નાયડૂએ રાજનીતિથી અલગ એક એવો નિર્ણય લીધો છે, જેનું અનુંકરણ દેશના અન્ય નેતાઓએ પણ કરવું જોઈએ. મુખ્યમંત્રી ચંન્દ્રબાબુ નાયડૂએ જાહેર કર્યું છે કે, તેઓ બળાત્કારનો શિકાર બનેલી ૯

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **કાન્તાબેન બી. છનીયારા** તા. ૪/૫/૨૦૧૮ના રોજ અક્ષરવાસી થયા છે. **સદ્દગતનું બેસણું તા. ૭/૫/૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦** દરમિયાન નીચે જણાવેલ સ્થળે રાખેલ છે.

**સ્થળ :**
**શ્રી ઝુલેલાલ મંદિર**
**સીંધુધામ, સેક્ટર-૩૦**
**ગાંધીનગર**

**લી.**
**અશોક છનીયારા**
**ડો. અજય છનીયારા**

## ચીને સમુદ્રમાં વિશ્વનો સૌથી લાંબો ૫૫ કિ.મી.નો પુલ બનાવ્યો

બીજિંગ,તા.૬

ચીન નીત નવા આવિષ્કાર માટે જાણીતું છે. થોડા મહિનાઓ અગાઉ ચીને કાચનો પારદર્શક પુલ બનાવીને વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતુ. ત્યારે હવે ચીને સમુદ્રમાં દુનિયાનો સૌથી લાંબો પુલ ઉભો કરીને વિશ્વ સમક્ષ ફરી એકવાર પોતાની કાબેલિયતનો પરચો આપ્યો.

હોંગકોગ-ઝુહાઈ-મકાઉ નામના આ પુલની લંબાઈ ૩૪ માઈલ એટલે કે ૫૫ કિલોમીટર છે. આ પુલમાં ૬૦ એફિલ ટાવરના વજન બરાબર સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

infocity Club & Resort

SUMMER CAMP

HURRY UP!!
Starts 1st May, 2018

TENNIS | GYM | SWIMMING | CRICKET

Following are the rates for summer camp - 30 days, starting from 1st May 2018 :-

1. **Swimming**:- Rs 2000/ + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm

2. **GYM** :- Rs 1500 + 18% GST
Age : 10 years to 16 years
Evening:- 5:30 pm – 7:00 pm

3. **Lawn Tennis**:- Rs 1500 + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm

4. **Cricket**:- Rs 1500 + 18% GST
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm

* Limited Batches
* Flexible Timing

If any parents/guardian would like to continue with the activities after the summer Camp, then they need to buy the membership of the club.

TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES

CALL : +91 99099 06372
Infocity Club & Resort, CH-0 Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382 009.
www.infocityclub.net

" SAY NO TO TOBACCO "

* Terms & Conditions Apply

આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું
અમે પ્રેમની મીઠાશ

હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે
ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટી પ્લોટ આપની નજીક

**રાધે બેન્કવેટ હોલ**
• ૭૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા
• આધુનિક સુવિધાથી સજ્જ
• આકર્ષક એમ્બિયન્સ
• કેટરિંગ સુવિધા ઉપલબ્ધ

**કેશવમ પાર્ટી પ્લોટ**
• ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા
• આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ
• વિશાળ રમણીય ગાર્ડન
• આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય


મહેંદી | સંગીત | રિંગ સેરેમની | લગ્ન | રિસેપ્શન | બર્થ ડે
બેબી શાવર | એનિવર્સરી | ગેટ-ટુ-ગેધર | કોર્પોરેટ ઇવેન્ટ

રાધે બેન્કવેટ હોલ: ૨૦૫, ડીસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર ૨૧, ગાંધીનગર
સંપર્ક: ૭૬૯૮૦ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૦

કેશવમ પાર્ટી પ્લોટ: પેથાપુર-મહુડી રોડ, પેથાપુર
સંપર્ક: ૯૮૨૫૪ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૫

રાધે Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com
www.purplephase.in

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય





ગાંધીનગરની ઓછી જાણીતી અને સાવ અજાણી વાતો
આજથી
દર સોમવારે
છેલ્લા પાને
પ્રા. ડો. રાજેન્દ્ર જાનીની કલમે....
''ગણતરીમાં ગાંધીનગર''